દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૫ જુલાઈ, ૨૦૨૬

## ટ્રમ્પે સમજવું જોઇએ કે ખાઇમેનીની લોકપ્રિયતા કેટલી હદે છે?

ખાઇમેનીની હત્યા કરીને ટ્રમ્પ એવું સમજતા હશે કે તેમણે દુનિયા જીતી લીધી છે પરંતુ જે વાસ્તવિકતા એ છે કે આ ફક્ત તેમની કલ્પના છે. ખાઇમેનીની લોકપ્રિયતા સામે ટ્રમ્પ ઝીરો છે તે તેમણે સમજી લેવું જોઇએ. કારણ કે ઇરાનની જનતા માની રહી છે કે ખાઇમેની શહિદ થયા છે. હાલમાં ખાઇમેનીની સાત દિવસની અંતિમ ક્રિયા શરુ થઇ છે. તહેરાનમાં જ્યાં જુઓ ત્યાં તેમના જાયન્ટ કક્ષાના બેનર્સ અને પોસ્ટર્સ લાગ્યા છે. તહેરાનની દિવાલો પર તેમના બાળપણની લઇને અત્યાર સુધીની મોટી મોટી તસવીરો જોવા મળી રહી છે. આયતુલ્લાહ ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખાઇમેનીને અંતિમ વિદાય આપવા માટે શનિવારે લાખો લોકો તેહરાનના ગ્રાન્ડ મોસલ્લામાં એકઠા થયા છે. શિયા પરંપરા મુજબ કાળા કપડાં પહેરેલા લોકો છાતી કૂટીને શોક મનાવતા જોવા મળ્યા. આ દરમિયાન લોકોએ ‘લોહી વહેશે’, ‘અમેરિકા મુર્દાબાદ’ અને ‘બદલો, બદલો’ જેવા નારા પણ લગાવ્યા. તેહરાનમાં 3 જુલાઈથી ખાઇમેનીના અંતિમ સંસ્કાર સંબંધિત વિધિઓ શરૂ થઈ ગઈ છે જે 9 જુલાઈ સુધી ચાલશે. ગઈકાલે શુક્રવારે કાર્યક્રમમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા. જોકે, રશિયા, ચીન, ભારત અને તુર્કીયે જેવા દેશોના ટોચના નેતાઓએ આનાથી અંતર રાખ્યું. ઈરાન તરફથી આમંત્રણ મોકલવામાં આવ્યું હોવા છતાં, તેમણે તેમના નીચલા સ્તરના પ્રતિનિધિઓને મોકલ્યા. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ ખાઇમેનીના અંતિમ સંસ્કાર માટે ઈરાનને એક અઠવાડિયાની રજા આપી છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે માનવતાના નાતે આવું કર્યું છે. કાર્યક્રમ સમાપ્ત થયા પછી તરત જ ઈરાનને અમેરિકી શરતો માનવી પડશે. દુનિયાના સૌથી મોટા શિયા ધર્મગુરુની અંતિમક્રિયા પર નજર કરીએ તો ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર ખાઇમેનીનો તાબૂત તેહરાનના ઈમામ ખુમૈની ગ્રાન્ડ મુસલ્લા પહોંચાડવામાં આવ્યો. અહીં તેમના અંતિમ સંસ્કારના કાર્યક્રમમાં ઘણા દેશોના પ્રતિનિધિમંડળ સામેલ થયા. અલી ખાઇમેનીની સાથે તેમની 14 મહિનાની પૌત્રી, દીકરી, પત્ની અને જમાઈને પણ અંતિમ શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. ખાઇમેનીના અંતિમ સંસ્કારને લઈને તેહરાનના રસ્તા પર સેના અને પોલીસની ભારે તૈનાતી કરવામાં આવી છે. તમામ મુખ્ય સડકો, ચોક અને સરકારી ઇમારતોની બહાર સેના અને પોલીસ દળ તૈનાત છે. મુખ્ય રસ્તાઓ પર મિલિટરી ગાડીઓ પહેરો આપી રહી છે. ખાઇમેનીના અંતિમ સંસ્કારમાં સામેલ સામાન્ય લોકો માટે તેહરાનમાં મેટ્રો અને સરકારી બસો મફત કરી દેવામાં આવી છે સાથે જ હોટલ ભાડામાં 50% ની છૂટ અને શાળાઓ-મસ્જિદોમાં રોકાવાની વ્યવસ્થા કરવામાં આવી. અન્ય શહેરોમાંથી લોકોને લાવવા માટે સ્પેશિયલ ટ્રેનો પણ ચલાવવામાં આવી છે. અંતિમ યાત્રા પહેલા ઈરાનના તેહરાન, કોમથી ઈરાકના કરબલા, નજફ થઈને પસાર થશે. છેલ્લે 9 જુલાઈએ મશહદમાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે. કતરે જણાવ્યું કે ખાઇમેનીના અંતિમ સંસ્કાર પછી અમેરિકા-ઈરાન વાટાઘાટોનો આગલો રાઉન્ડ ફરી શરૂ થશે. જ્યારે ઈરાને IAEA ને ફોર્ડો, નતાન્ઝ અને ઇસ્ફહાન પરમાણુ ઠેકાણાઓના નિરીક્ષણની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે. ખાઇમેની કેટલા લોકપ્રિય નેતા હતા કે તેમની અંતિમ ક્રિયામાં હજારો નહીં પણ લાખો લોકો ઉમટી પડ્યા છે. અહીં દરેકની આંખોમાં આંસુ અને ટ્રમ્પ પર ગુસ્સો જોવા મળી રહ્યો છે. ટ્રમ્પે ખાઇમેનીને પણ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ સમજી લીધા હતા જે તેમની મોટી ભૂલ હતી.

## મનની સ્થિતિ બદલી નાખો

એક દંપતી ગામમાં રહે અને ખેતી કરે, ખપ પુરતું કમાઈ લેતા પણ સાથે એકદમ ખુશ હતા.

વધુ પ્રગતી માટે તેમણે નક્કી કર્યું કે પતિ શહેરમાં કમાવા જાય અને પત્ની ગામમાં ખેતી સંભાળે.બંને જણે એકબીજાથી દુર રહેવું પડશે પણ પરિવારના ભવિષ્ય માટે સારું થશે એટલે બંને જણે દુર રહેવાનું પણ ખુશી ખુશી સ્વીકારી લીધું.

પતિ ઓછું ભણેલો હતો પણ સમજુ હતો પોતાની પત્નીને તે હંમેશા માન અને પ્રેમ આપતો,પતિ કહેતો તું ઘર ,બાળકો ,ખેતી સાચવે છે બહુ મહેનત કરે છે અને પત્ની કહેતી તમે ઘરથી દુર એકલા રહીને પરિવાર માટે રાતદિન મહેનત કરો છો.પતિ વર્ષમાં બે વાર ગામમાં આવતો બંને જણ ખુબ મહેનત કરતા અને સારી બચત કરી રહ્યા હતા એટલે દુર રહીને પણ ખુશ હતા.

ખેતીમાં પાક તૈયાર થઇ ગયો હતો બસ ત્રણ દિવસ બાદ લલણી કાપણી કરવાની હતી પત્નીએ ફોન પર પતિને કહ્યું, ‘આ વર્ષે લાગે છે પાક બહુ સારો થયો છે.’ પતિએ જવાબ આપ્યો, ‘સારું ,તારી મહેનત અને ભગવાનના આશીર્વાદ આખા વર્ષનું અનાજ ભરી શકાશે અને થોડો નફો પણ થશે.’ ભવિષ્યના સપના જોતા બંને એ ખુશી ખુશી ફોન મુક્યો. બીજે દિવસે પત્નીનો રડતા રડતા ફોન આવ્યો, ‘હજી ગઈકાલે જ વાત કરી કે પાક બહુ સારો થયો છે પણ ખબર નહિ કઈ રીતે રાત્રે ગાયોનું ધણ ખેતરમાં ઘુસી ગયું અને લગભગ અડધો પાક ખરાબ થઈ ગયો બહુ નુકસાન થઈ ગયું. હવે શું કરીશું??’

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

પતિએ કહ્યું, ‘અરે રડ નહિ, ઘણું સારું થયું, ગાયોએ જ ખાધું છે તો અજાણતા ગાયોને ભોજન કરાવ્યું એટલે પુણ્યનું કામ થઈ ગયું.નક્કી કૈંક સારું ફળ મળશે સમજી...રડ નહિ.’ પતિએ રડતી પત્નીને શાંત કરી.

આ પતિ પત્નીની વાત એક સુંદર સમજ આપે છે કે જે વ્યક્તિ જીવનમાં જે કઈ પરિસ્થિતિ સર્જાય કે પછી જે પણ સંજોગો નિર્માણ થાય તેમાં કૈંક સારું જોઇને જો દરેક સંજોગોમાં ખુશ રહે તો તેને ક્યારેય દુઃખનો અનુભવ થતો નથી. પરિસ્થિતિ જે રીતે બદલાય કે સંજોગો અનુસાર જે કઈ પણ નિર્ણય લેવા પડે કે જે પણ ઘટના બને તેમાં કૈંક સારું શોધીને તે પ્રમાણે આપના મનની સ્થતિને બદલતાં શીખી લઈએ તો દરેક દુઃખ સુખમાં બદલી શકાય.

આ સુખ અને દુઃખ આપણા મનના સમીકરણ જ છે. આપણો દ્રષ્ટિકોણ હકારાત્મક રાખી મનની સ્થિતિને જેમ પરિસ્થિતિ બદલાય તેમ બદલી લેવી જરૂરી છે.

## ડોનાલ્ડ ટ્રમ્પ અને ક્રિપ્ટોકરન્સી: $1.4 અબજની આવક અને તેના વૈશ્વિક આર્થિક પ્રત્યાઘાતો

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

વર્ષ ૨૦૨૬ ની શરૂઆતથી જ નાણાંકીય જગતમાં ક્રિપ્ટોકરન્સી એક ગરમ વિષય રહ્યો છે. તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નાણાંકીય ડિસ્ક્લોઝર (જાહેરનામા)માં એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ૩૦ જૂન, ૨૦૨૬ના રિપોર્ટ મુજબ, ટ્રમ્પે તેમની રિપોર્ટેડ આવકમાં ક્રિપ્ટોકરન્સી સંબંધિત વ્યવહારોથી $૧.૪ અબજથી વધુની આવક દર્શાવી છે. આ આંકડો માત્ર એક આર્થિક સંખ્યા નથી, પરંતુ તે વૈશ્વિક રાજનીતિ અને આર્થિક નીતિઓ પર પડનારા પ્રભાવનો સંકેત છે.

ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવેલી આ રકમ કોઈ એક નિશ્ચિત પ્રોજેક્ટમાંથી નથી, પરંતુ વિવિધ સ્રોતોમાંથી મળેલી સંયુક્ત આવક હોવાનું મનાય છે. આ આવકમાં ક્રિપ્ટોકરન્સીના સીધા વેચાણ, વિવિધ ક્રિપ્ટો ફંડ્સમાં રોકાણ અને ક્રિપ્ટો આધારિત ડિજિટલ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ આંકડો સૂચવે છે કે ટ્રમ્પ માત્ર પરંપરાગત રિયલ એસ્ટેટ કે ઈક્વિટી સુધી મર્યાદિત નથી, પરંતુ તેમનું નાણાંકીય સામ્રાજ્ય હવે ડિજિટલ અસ્કયામતો તરફ વળ્યું છે. જ્યારે ટ્રમ્પ જેવા પ્રભાવશાળી નેતા ક્રિપ્ટોમાં આટલું મોટું રોકાણ કરે છે, ત્યારે તે વૈશ્વિક રોકાણકારોના સેન્ટિમેન્ટને સીધી અસર કરે છે.

કોઈ પણ રાજકીય નેતા જ્યારે આટલી મોટી રકમ ક્રિપ્ટો જેવી અસ્થિર અને જટિલ અસ્કયામતમાંથી મેળવે છે, ત્યારે કેટલાક ગંભીર મુદ્દાઓ ચર્ચામાં આવે છેઃ

પારદર્શિતાનો અભાવઃ ક્રિપ્ટોકરન્સીના ટ્રાન્ઝેક્શન્સ ઘણી વાર અનામી હોઈ શકે છે. તેથી, આ આવકનો સ્રોત કેટલો નૈતિક અને કાયદેસર છે, તે તપાસવું નિયમનકારો માટે એક પડકાર છે.

**આ આંકડો સૂચવે છે કે ટ્રમ્પ માત્ર પરંપરાગત રિયલ એસ્ટેટ કે ઈક્વિટી સુધી મર્યાદિત નથી, પરંતુ તેમનું નાણાંકીય સામ્રાજ્ય હવે ડિજિટલ અસ્કયામતો તરફ વળ્યું છે**

હિતસંઘર્ષ (Conflict of Interest)ઃ જો ભવિષ્યમાં ટ્રમ્પ ક્રિપ્ટોકરન્સી સંબંધિત નીતિઓ બનાવે, તો આ પ્રકારનું રોકાણ ‘હિતસંઘર્ષ’ ઊભો કરી શકે છે. નીતિ-નિર્માણમાં તટસ્થતા જાળવવી અનિવાર્ય છે.

છબી અને વિશ્વાસઃ રોકાણકારો અને જનતા ટ્રમ્પના આ આર્થિક નિર્ણયને એક કુશળ બિઝનેસમેન તરીકેની તેમની દૂરદર્શિતા તરીકે જોશે કે નૈતિક જોખમ તરીકે, તે અમેરિકન રાજનીતિમાં આગામી દિવસોમાં મોટી ચર્ચાનો વિષય બનશે.

ક્રિપ્ટોકરન્સીઃ ભારતીય અને વૈશ્વિક સંદર્ભ

ભારત અને ખાસ કરીને ગુજરાત જેવા રાજ્યમાં, જ્યાં રોકાણકારો ટેકનોલોજી અને નવા આર્થિક પ્રવાહોમાં ખૂબ જ ઉત્સાહી છે, ત્યાં ટ્રમ્પના આ પગલાને કુતૂહલથી જોવામાં આવી રહ્યો છે.

રોકાણકારો માટે પાઠઃ ભારત જેવા દેશોમાં જ્યાં ક્રિપ્ટો પર હજુ પણ નિયમનકારી ચર્ચાઓ ચાલી રહી છે, ત્યાં વૈશ્વિક નેતાઓનું આ પ્રકારનું રોકાણ લોકોમાં ક્રિપ્ટો પ્રત્યેનો ઉત્સાહ વધારી શકે છે. જો કે, આ ક્ષેત્રનાં જોખમો વિશે જનતાને શિક્ષિત કરવી અત્યંત જરૂરી છે.

વૈશ્વિક નિયમનઃ મોટા ખિલાડીઓનું ક્રિપ્ટોમાં આગમન એ વાતની ખાતરી આપે છે કે હવે વિશ્વભરમાં ક્રિપ્ટોના નિયમન (Regulation) અને ઓડિટ માટેના કાયદાઓ વધુ કડક અને સ્પષ્ટ બનાવવા પડશે.

$1.4 અબજની ક્રિપ્ટો આવક એ સ્પષ્ટ કરે છે કે ડિજિટલ અર્થતંત્ર હવે સત્તાના ગલિયારાઓ સુધી પહોંચી ગયું છે. આ પરિસ્થિતિને યોગ્ય રીતે સંચાલિત કરવા માટે ત્રણ બાબતો જરૂરી છેઃ

(૧) ક્રિપ્ટો વ્યવહારો માટે મજબૂત ઓડિટ સિસ્ટમ અને ટેક્સ રિપોર્ટિંગ પ્રોટોકોલ્સ જરૂરી છે.

(૨) રાજકીય નેતાઓએ તેમનાં રોકાણોની સ્પષ્ટતા કરવી જોઈએ જેથી જનતાનો વિશ્વાસ જળવાય.

(૩) સામાન્ય રોકાણકારોએ આ પ્રકારનાં મોટાં રોકાણોથી પ્રભાવિત થઈને આંધળુકિયાં કરવાને બદલે ક્રિપ્ટોના જોખમોને સમજવાં જોઈએ. અંતે, ટ્રમ્પની આ આવક માત્ર નાણાંકીય આંકડો નથી, પરંતુ તે ભવિષ્યની ડિજિટલ રાજનીતિનું એક નવું આર્થિક મોડેલ છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ ચોંકાવનારા આર્થિક રિપોર્ટો અને ક્રિપ્ટો કૌભાંડો દર્શાવે છે કે આજના આધુનિક રાજકારણ અને વૈશ્વિક મૂડીવાદ વચ્ચેની નૈતિક રેખા સાવ ભૂંસાઈ ગઈ છે. દેશની બોર્ડર બંધ કરીને, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને રોકવાના બહાને કડક રાષ્ટ્રવાદ દેખાડતા રાષ્ટ્રપતિ, પોતાના અંગત નફા માટે આખી દુનિયાનાં બજારોનો અને વિદેશી શક્તિઓનો ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યા છે. જે બિટકોઈનને પહેલાં ટ્રમ્પ કૌભાંડ કહેતા હતા, તેમાં જ રોકાણ કરીને તેઓ સૌથી વધુ નફો રળી ગયા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ભારત-તિબેટ સરહદે આદિવાસીઓનું દિલ જીતનારી IFASની શૌર્યગાથા

સમયાંતર
રામચંદ્ર ગુહા

**રાષ્ટ્રનિર્માણના અજાણ્યા નાયકો: દેશભક્ત હરમંદરસિંહની જન્મશતાબ્દી નિમિત્તે નેહરુ અને એલ્વિનના એ સાહસિક પ્રયોગની યાદ, જેણે બંદૂકના બદલે પ્રેમ અને આદરથી અરુણાચલ પ્રદેશને ભારત સાથે જોડ્યું**

પ્રજાસત્તાક ભારતના મહાન સ્થાપક પુરુષોની દરેક જન્મજયંતી જાહેર જીવનમાં અને સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે ઉજવવામાં આવે છે. જો કે, ભારતના ઓછા પ્રખ્યાત પણ તેટલા જ પ્રશંસનીય સેવકોની સીમાચિહ્નરૂપ વર્ષગાંઠો ઘણી વાર કોઈનું ધ્યાન ખેંચ્યા વિના પસાર થઈ જાય છે. આ લેખ હરમંદરસિંહ નામના એક દેશભક્તની જન્મશતાબ્દીથી પ્રેરિત છે. 27 જૂન 1926ના રોજ જન્મેલા હર મંદર સિંહ ‘ઈન્ડિયન ફ્રન્ટિયર એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ’ (IFAS) ના એક ઉત્કૃષ્ટ સભ્ય હતા, જે રાષ્ટ્રનિર્માણમાં એક એવો સાહસિક પ્રયોગ હતો જેના વિશે અત્યારના સમય કરતાં વધુ લોકો જાણતા હોવા જોઈએ. મેં પોતે 1990ના દાયકાની શરૂઆતમાં માનવશાસ્ત્રી વેરિયર એલ્વિનના જીવનચરિત્ર પર કામ કરતી વખતે પહેલી વાર IFAS વિશે સાંભળ્યું હતું. બ્રિટિશ મૂળના એલ્વિને મધ્ય ભારતના આદિવાસીઓ સાથે અઢી દાયકા ગાળ્યા હતા અને તેમના વિશે ઘણું લખ્યું હતું. આઝાદી પછી તેમણે ભારતનું નાગરિકત્વ લીધું અને 1954માં તેમની ‘નોર્થ-ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી’ (NEFA)ના માનવશાસ્ત્રીય સલાહકાર તરીકે નિમણૂક કરવામાં આવી, જેને આજે આપણે અરુણાચલ પ્રદેશ રાજ્ય તરીકે ઓળખીએ છીએ. વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા એલ્વિનની ખાસ પસંદગી કરવામાં આવી હતી, કારણ કે નેહરુના મતે તેઓ ‘આદિવાસી બાબતોના માન્યતા પ્રાપ્ત સત્તાધિકારી’ હતા જેઓ પોતાની આ નવી જવાબદારીમાં અસાધારણ અને અત્યંત મદદરૂપ બને તેવી સહાનુભૂતિ અને સમજણ લાવી શકે તેમ હતા.

નેહરુ અને એલ્વિને IFASની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જેના પ્રથમ સભ્યો આર્મી અથવા એરફોર્સની પૃષ્ઠભૂમિ ધરાવતા હતા. તેનો અર્થ એ હતો કે તેઓ સખત શારીરિક શ્રમ કરવા, વિવિધ પૃષ્ઠભૂમિનાં લોકો સાથે ભળી જવા અને ટીમવર્કની ભાવના કેળવવા માટે ટેવાયેલા હતા. IFAS અધિકારીઓને માર્ગદર્શન આપતી વખતે, એલ્વિન એક શિક્ષિત મિશ્મી આદિવાસીએ તેમને કહેલી વાતથી પ્રેરિત હતા કેઃ ‘યાદ રાખજો કે આપણે સંસ્કૃતિ કે જાતિની દૃષ્ટિએ પણ ભારતીય નથી. જો તમે અમારી વચ્ચે એવા અધિકારીઓ મોકલવાનું ચાલુ રાખશો જેઓ અમારી સંસ્કૃતિ અને ધર્મને હીન નજરે જોતા હોય અને સૌથી વધીને અમને મનુષ્ય તરીકે નીચા ગણતા હોય, તો થોડાં જ વર્ષોમાં અમે તમારી વિરુદ્ધ થઈ જઈશું.’ વડા પ્રધાન પોતે IFASમાં ઊંડો અને સતત રસ લેતા હતા. એક અધિકારીએ યાદ કરતાં જણાવ્યું હતું કે નેહરુએ તેમને કહ્યું હતું કેઃ ‘સ્ટાફે પહેલાં ધ્વજ સાથે આગળ વધવું જોઈએ અને ટાઈપરાઈટર પછીથી આવી શકે છે’; એટલે કે, અધિકારીઓએ સત્તાવાર સરકારી વ્યવસ્થા તંત્રને ત્યાં લઈ જતાં પહેલાં લોકો સાથે માનવીય સંપર્ક સાધવો જોઈએ અને ગ્રામીણ લોકો સાથે મિત્રતા કેળવવી જોઈએ. વિદ્વાન બેરેનિસ ગિઓટ-રિચાર્ડ તેમના પુસ્તક ‘શેડો સ્ટેટ્સઃ ઈન્ડિયા, ચાઈના એન્ડ ધ હિમાલયાસ, ૧૯૧૦-૧૯૬૨’માં લખે છે કે સરહદી વહીવટકર્તાઓનો ભાર ‘રાજ્યની હાજરીને પરોપકારી શબ્દોમાં વ્યક્ત કરવા પર’ હતો. તેમની પહેલાંના બ્રિટિશ અધિકારીઓથી વિપરીત, IFAS ના સભ્યો સશસ્ત્ર સુરક્ષા વગર અને ઘણી વાર તેમની પત્નીઓ સાથે અંતરિયાળ ગામોમાં પ્રવાસ કરતા હતા, જેનાથી સ્થાનિકો સાથે આત્મીયતા કેળવવામાં મદદ મળતી હતી. એલ્વિન પરના મારા સંશોધન દરમિયાન, મેં અડધા ડઝન જેટલા IFAS અધિકારીઓનો ઈન્ટરવ્યુ લીધો હતો. હર મંદર સિંહ પ્રથમ હતા અને અન્ય અધિકારીઓમાં રશીદ યુસુફ અલી, આર. એન. હલ્દીપુર, ટી. એસ. મૂર્તિ અને એન. ડી. જાયલનો સમાવેશ થતો હતો. આ બધા હવે ક્યારનાય નિવૃત્ત થઈ ગયા હતા, છતાં તે બધાએ નેફા (NEFA)ના તે શરૂઆતનાં વર્ષોના રોમાંચને ખૂબ જ ભાવપૂર્વક યાદ કર્યો હતો, જેમાં તેમણે અંતરિયાળ ગામડાંઓ અને બહુ ઓછા જાણીતા આદિવાસીઓમાં વિશ્વાસ ઊભો કર્યો હતો, જેઓ ઈતિહાસની એક ઘટનાને કારણે હવે ઔપચારિક રીતે ભારત પ્રજાસત્તાકના પ્રાદેશિક અધિકારક્ષેત્ર હેઠળ આવ્યા હતા.

દુઃખની વાત એ છે કે (જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી) ઈન્ડિયન ફ્રન્ટિયર એડમિનિસ્ટ્રેટિવ સર્વિસને સમર્પિત કોઈ પુસ્તક કે પીએચડીનો શોધનિબંધ પણ લખાયો નથી. જો કે, આપણી પાસે ક્લોડ અર્પી દ્વારા IFAS પર લખાયેલો એક માહિતીપ્રદ નિબંધ છે, જેઓ ભારત-તિબેટ સરહદી વિસ્તારોના ફ્રેન્ચ વિદ્વાન છે અને લાંબા સમયથી આપણા દેશમાં રહે છે. અર્પીની વેબસાઈટ પર નેફા/અરુણાચલ પ્રદેશ સંબંધિત ઘણા ઉપયોગી દસ્તાવેજો પણ ઉપલબ્ધ છે.

IFAS અધિકારીઓના અગ્રણી જૂથમાં રાનેંગલાઓ ‘બોબ’ ખાથિંગ સામેલ હતા, જેમણે તવાંગના પ્રાચીન મઠના શહેરને ભારતીય નિયંત્રણ હેઠળ લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ એસ. એમ. ક્રિષ્ણાત્રી હતા, જેઓ ભારત-તિબેટ સરહદને અડીને આવેલી ઉપલી સુબનસિરી ખીણના તાગીન આદિવાસીઓનો સંપર્ક કરનારા ભારત સરકારના પ્રથમ સત્તાવાર અધિકારી હતા. ક્રિષ્ણાત્રીએ લખ્યું હતું કે તેમનો હેતુ ‘આપણા પોતાનાં લોકો સામેના બ્રિટિશ અભિયાનોના સશસ્ત્ર વારસાની લોહિયાળ સંસ્કૃતિ’ને બદલે ‘પ્રેમ, હાસ્ય અને ધીરજ સાથે માનવ અધિકારોના અભિગમ’ ને સ્થાપિત કરવાનો હતો. ખરેખર આ જ એવો અભિગમ હતો જે અન્ય IFAS અધિકારીઓ દ્વારા અપનાવવામાં આવ્યો હતો અને જેને એલ્વિન તેમજ નેહરુએ પણ સમર્થન આપ્યું હતું. રાણી સિંહના પુસ્તક ‘એન ઓફિસર એન્ડ હિસ હોલીનેસ’માં હર મંદર સિંહ પોતે એક મુખ્ય પાત્ર છે, જે પુસ્તક ચીનના કબજા હેઠળના તિબેટમાંથી દલાઈ લામાના ભાગીને ભારતમાં આશ્રય લેવા પર કેન્દ્રિત છે. જ્યારે દલાઈ લામાએ ૧૯૫૯માં દેશનિકાલ થવાનું નક્કી કર્યું, ત્યારે તેમણે કામેંગ ફ્રન્ટિયર ડિવિઝનમાં પ્રવેશ કર્યો હતો, જેના પોલિટિકલ ઓફિસર હર મંદર સિંહ હતા અને તેમનું મુખ્ય મથક બોમડિલા ખાતે હતું. તિબેટીયન નેતાને સરહદ પર આસિસ્ટન્ટ પોલિટિકલ ઓફિસર ટી. એસ. મૂર્તિ મળ્યા હતા, જ્યારે હર મંદર બોમડિલાથી તવાંગના મઠ સુધી પહોંચ્યા હતા, જે આશરે ૧૪૦ માઈલનું અંતર હતું અને પાકો રસ્તો ન હોવાને કારણે ઘોડા પર ધીમે-ધીમે કાપવું પડ્યું હતું. પોલિટિકલ ઓફિસરે તે દરમિયાન દલાઈ લામાને તવાંગ લાવવા માટે ડૉક્ટર, તિબેટીયન ભાષા બોલતા અધિકારીઓ અને સશસ્ત્ર સુરક્ષાની વ્યવસ્થા કરી હતી, જ્યાં તેઓ થોડા દિવસો માટે રોકાયા હતા.

તવાંગમાં જ, ૬ એપ્રિલ ૧૯૫૯ ના રોજ, હર મંદર સિંહે વડા પ્રધાન નેહરુએ દલાઈ લામા માટે મોકલેલો સંદેશો વાંચી સંભળાવ્યો હતો. તેમાં લખ્યું હતું કેઃ ‘હું અને મારા સાથીદારો ભારતમાં તમારા સુરક્ષિત આગમન પર તમારું સ્વાગત કરીએ છીએ અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ. તમને, તમારા પરિવારને અને તમારા સાથીદારોને ભારતમાં રહેવા માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડતાં અમને આનંદ થશે. ભારતનાં લોકો, જેઓ તમારા પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે, તેઓ ચોક્કસપણે તમારા વ્યક્તિત્વને પરંપરાગત આદર આપશે.’

તવાંગથી આ આખો સંઘ બોમડિલા તરફ આગળ વધ્યો. રસ્તામાં આ બંને યુવાનો - જેમાં તિબેટીયન નેતા હજુ વીસીના અંતમાં હતા અને ભારતીય અધિકારી ત્રીસીની શરૂઆતમાં હતા - તેમણે દુભાષિયા (ઈન્ટરપ્રિટર) ની મદદથી વાતચીત કરી હતી. હર મંદર સિંહે દલાઈ લામાના પોતાના વતનથી દેશનિકાલ થવા છતાં અને પોતાનાં લોકોથી અલગ થવા છતાં તેમના અડગ આશાવાદ વિશે ખૂબ જ ભાવપૂર્વક લખ્યું હતું. આ બૌદ્ધ ધર્મગુરુ અને બિનસાંપ્રદાયિક સિવિલ સેવક વચ્ચે એકબીજા પ્રત્યે ઊંડો સ્નેહ કેળવાયો અને તેઓ આજીવન મિત્રો રહ્યા.

ઈન્ડિયન ફ્રન્ટિયર એડમિનિસ્ટ્રેટિવ સર્વિસને સત્તાવાર રીતે ૧૯૬૮માં વિખેરી નાખવામાં આવી હતી. તેના અધિકારીઓએ રાષ્ટ્રનિર્માણમાં આગળ પણ ઘણી ભૂમિકાઓ ભજવી હતી. હર મંદર આંદામાન અને નિકોબારના ચીફ કમિશનર બન્યા; બોબ ખાથિંગે મ્યાનમારમાં એમ્બેસેડર તરીકે સેવા આપી; આર. એન. હલ્દીપુર પોંડિચેરીના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત થયા; કે. સી. જોહરી ગોવાના ચીફ સેક્રેટરી બન્યા; મુરકોટ રામુન્નીએ નેપાળ અને બાંગ્લાદેશમાં સેવા આપી અને નાગા સમુદાય પર એક રસપ્રદ પુસ્તક પણ લખ્યું. વેરિયર એલ્વિનના મારા જીવનચરિત્રમાં, મેં IFAS વિશે લખ્યું હતું કે તેઓ ‘સક્ષમ અને વ્યાપકપણે પ્રતિબદ્ધ એવા યુવાનોની એક કેડર હતી, જે ભારતીય રાજકીય ઈતિહાસમાં અજોડ હતી કારણ કે તેઓ જે લોકો પર શાસન કરવા મોકલવામાં આવ્યા હતા તેમની સાથે રહેવા અને તેમના જેવું જ વિચારવા માટે તૈયાર હતા.’ આ શબ્દો સાથે હું ક્લોડ અર્પીના અભિપ્રાયને પણ ઉમેરવા માંગુ છું, જેઓ લખે છે કે ‘હકીકત એ છે કે આ અધિકારીઓ જેમણે IFAS માં જોડાવા માટે પોતાની કારકિર્દીનું બલિદાન આપવાનું નક્કી કર્યું હતું. તેઓ બધા અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા હતા અને આજે પણ, ભલે આ કેડર અસ્તિત્વમાં નથી, તેઓ યુવા IAS/IPS અધિકારીઓ માટે રોલ મોડેલ હોવા જોઈએ.’ અરુણાચલ પ્રદેશ આજે સરકારી ભ્રષ્ટાચાર, રાજકારણીઓ અને કોન્ટ્રાક્ટરોના ગઠબંધનનું વર્ચસ્વ, અને ઝડપથી થઈ રહેલા પર્યાવરણીય વિનાશની સમસ્યાઓથી પીડાઈ રહ્યું છે. જો કે, તેની બીજી ઉજળી બાજુ એ છે કે, ઉત્તર-પૂર્વનાં અન્ય રાજ્યોની વિપરીત અરુણાચલ પ્રદેશમાં કોઈ બળવાખોરી થઈ નથી, જેના માટે નેહરુ અને એલ્વિનની દીર્ઘદૃષ્ટિવાળી નીતિઓ અને IFAS અધિકારીઓના નિઃસ્વાર્થ કાર્યને ચોક્કસપણે શ્રેય મળવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### માનવી માનવતા ગુમાવી રહ્યો છે એવુ નથી લાગતુ?

ભારતીય સંસ્કૃતિના વખાણ પશ્ચિમના દેશોમાં પણ થાય છે. પશ્ચિમના દેશોમાં gun culture છે તેવું ભારતમાં નથી એ સારી બાબત છે પરંતું દેશના મોટા શહેરોમાં નજીવી તકરાર મા એકબીજાંના જાન લેવાના કિસ્સા બને છે. તાજેતરમા એવો કિસ્સો બન્યો કે ટ્રેનમાં મુસાફરી દરમિયાન એક યાત્રીએ અન્ય યાત્રીને બારી બંધ કરવાનું જણાવતા ગુસ્સામાં આવી બારી બંધ કહેનારને મોતને ઘાટ ઉતારી દીધો. તો અન્ય કિસ્સામાં વાહન પાર્કિંગ જેવી નજીવી બાબતમાં તો સામાન્ય બોલાચાલીમાં જાન લીધાના તેમજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વંચિત સમાજના યુવાનોને જ્ઞાતિના કારણે મોતને ઘાટ ઉતારી દીધાના બનાવો તો બનતાં જ રહે છે જે તંદુરસ્ત સમાજની નિશાની નથી. ક્રોધના દાવાનળને અટકાવવા માટે શાળા, કોલેજ કક્ષાએ બાળકોને શિક્ષણ આપવાની જરૂર છે એવું નથી લાગતું...?

સુરત - ચંદ્રકાન્ત રાણા

### જીસ દેશ મેં ધંધા, બહેતા રહેતા હૈ..

દેશ અને દુનિયામાં કોઈ પણ ઝંઝટ વગર સરળતાથી થઈ શકે એવા ધંધા રોજગાર હોય તો એ , ટોપી પહેરાવવાના , જાળ બિછાવી ને ફસાવવાના , અને એમાં પણ સામી વ્યક્તિ ને એટલે કે જેનો શિકાર કરવાનો હોય એમને ક્યાં ? કેવી રીતે ? કેવા કેવા બહાને ! અને કેટલા માં એનો આર્થિક બૂચ લાગી શકે છે, એમાં મને શું મળી શકે તેમ છે, વિગેરે વિગેરે જેવા લોભ લાલચ પ્રપંચ કરવા બાબતે સદીઓથી આપણા દેશમાં પણ એક નિશ્ચિત ઓપરેન્ડી કહો કે, રીતભાત એટલી શાતિર રીતે કરવામાં આવે છે કે, અભણ અને ભણેલા ગણેલા લોકો પણ આવી વાતો માં આવીને આસાનીથી ભેરવાઈ જાય છે. ગ્રાહકો ને , વડીલોને જાત જાતના પારિવારિક સવાલો ઉભા કર્યા પછી એમના નાણાંકીય વ્યવહાર વ્યવસ્થા ને જાણે ભવિષ્યમાં ખૂબ જ મજબૂતી આપે એવા પ્લાન દોરી દોરાવી અને રૂપિયા પૈસાની બચત , વ્યાજ સાથે સુરક્ષાના ચાંપતા બંદોબસ્ત માટે શાબ્દિક જાળગોઠવીને ફસાવી દેવાઇ છે. બીજી તરફ એમને ગ્રાહકો માટે બહાર નીકળી દોડાદોડી કરવી નથી..અને ઘર બેઠી ગંગા આવી છે તો .. નંગા ( સ્વાર્થી અને લૂંટારા બની.. ) બનીને લોકો ને.. એમાં પણ ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો ને લાંબા ગાળાના તકલાદી લાભ બતાવી પોતે એક જ વખતમાં મોટો લાભ લઈ લેતા જરાય ખંચકાતા નથી એ પણ હકીકત છે. દેશમાં રોજ સવાર પડે ને નિતનવી રીતે.. લોકો ટૂંકા ગાળામાં આર્થિક લાભ લેવા આખરે લાંબે ગાળે મોટા ભાગે વયસ્કો ફસાતા રહેછે, એ પણ સત્ય હકીકત છે, ત્યારે જ તો કહેવાય છે ને કે, લોભીયા હોય ત્યાં ધુતારા ક્યારેય ભૂખે નથી મરતા

સુરત - પંકજ શાંતિલાલ મહેતા

### વિદ્યાર્થીઓની બદલાતી માનસિકતા

‘ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ...’ બોલતો વિદ્યાર્થી આજે ‘Google knows everything’ કહેતો થયો છે. જ્ઞાનની શોધ હવે પુસ્તકાલયમાં નહીં, પરંતુ મોબાઈલ સ્ક્રોલિંગમાં થાય છે. હાથમાં પુસ્તક હોય કે ન હોય, મોબાઇલ તો અનિવાર્ય બની ગયો છે. અભ્યાસ માટે પાંચ મિનિટનો સમય ભારે લાગે છે, પરંતુ સોશિયલ મીડિયા પર પાંચ કલાક ક્યાં પસાર થઈ જાય છે તેની ખબર પણ પડતી નથી. આજનો વિદ્યાર્થી સફળતા તો તરત જ ઈચ્છે છે, પરંતુ સંઘર્ષથી દૂર ભાગે છે. પરીક્ષામાં સારા ગુણ જોઈએ છે, પણ તૈયારી વગર; માન સન્માનની અપેક્ષા રાખે છે, પણ શિસ્ત વગર; અધિકારો જોઈએ છે, પણ ફરજો નિભાવ્યા વગર. આ બદલાતી માનસિકતા માત્ર વિદ્યાર્થીઓની જ નથી, પરંતુ સમાજનું પ્રતિબિંબ પણ છે. જ્યારે માતા-પિતા ગુણપત્રકને સંસ્કાર કરતાં વધુ મહત્ત્વ આપે અને શિક્ષણનો અર્થ માત્ર નોકરી સુધી સીમિત કરી દે, ત્યારે આવી સ્થિતિ સર્જાય તે સ્વાભાવિક છે. સમય હજુ હાથમાંથી સંપૂર્ણ સરક્યો નથી. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીથી દૂર નહીં, પરંતુ તેના યોગ્ય ઉપયોગ તરફ દોરી જવાની જરૂર છે. શિક્ષણનો હેતુ માત્ર ડૉક્ટર, એન્જિનિયર કે અધિકારી બનાવવાનો નથી; જવાબદાર, સંવેદનશીલ અને ચારિત્ર્યવાન નાગરિક ઘડવાનો છે, નહીં તો ભવિષ્યમાં ઉચ્ચ ગુણોવાળા તો ઘણાં મળશે, પરંતુ સાચા અર્થમાં શિક્ષિત માણસ શોધવો મુશ્કેલ બની જશે.

સુરત - સાગર અનિલ ગાંધી

### લોકશાહીમાં નાગરિકનો અવાજ દબાશે તો બંધારણનું શું?

ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી રાષ્ટ્ર છે. આપણા બંધારણે દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન અને પોતાના મત વ્યક્ત કરવાનો અધિકાર આપ્યો છે. તાજેતરમાં બૉમ્બે હાઈકોર્ટ દ્વારા એક્સટર્નમેન્ટ ઓર્ડર રદ કરતી વખતે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓએ ફરી એકવાર એ પ્રશ્ન ઊભો કર્યો છે કે શું લોકશાહીમાં વિરોધના અધિકાર અને કાયદો-વ્યવસ્થા વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહ્યું છે? અહેવાલો મુજબ, એક રાજકીય કાર્યકર સામે અગાઉ નોંધાયેલી FIR અને વિરોધ પ્રદર્શનોના આધારે મુંબઈ પોલીસ દ્વારા એક્સટર્નમેન્ટ ઓર્ડર આપવામાં આવ્યો હતો, જેને બાદમાં બૉમ્બે હાઈકોર્ટે રદ કર્યો. કોર્ટે નોંધ્યું કે માત્ર સરકાર વિરુદ્ધ નારા લગાવવો કે શાંતિપૂર્ણ વિરોધ કરવો, તે એક્સટર્નમેન્ટ જેવી કડક કાર્યવાહી માટે પૂરતો આધાર બની શકે નહીં. જો કોઈ વ્યક્તિ હિંસા, જાહેર સંપત્તિને નુકસાન અથવા કાયદો-વ્યવસ્થાને ખલેલ પહોંચાડે તો કાયદો પોતાનું કામ કરે જ, પરંતુ માત્ર મતભેદ વ્યક્ત કરવો લોકશાહીનો સ્વીકાર્ય ભાગ છે. કોઈપણ સરકાર, રાજકીય પક્ષ અથવા જાહેર નીતિની ટીકા કરવી દેશદ્રોહ નથી. બીજી તરફ, વિરોધના નામે હિંસા, તોડફોડ, નફરત ફેલાવવી અથવા જાહેર જીવનને જોખમમાં મૂકવું પણ સ્વીકાર્ય નથી. લોકશાહીનું સૌંદર્ય એ છે કે મતભેદોનો ઉકેલ કાયદા, ચર્ચા અને ન્યાયિક પ્રક્રિયા દ્વારા આવે, દમન કે અશાંતિ દ્વારા નહીં. જાગૃત નાગરિક બનો, બંધારણને જાણો, પોતાના અધિકારોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરો અને કાયદાનું પણ સંપૂર્ણ પાલન કરો. મજબૂત લોકશાહી માટે અધિકાર અને ફરજ - બંનેનું સમાન મહત્વ છે.”

સુરત - આશિષ ટેલર

### NEP-2020 અને માતૃભાષામાં શિક્ષણ

વર્ષ-1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં આવ્યા પછી વર્ષ-2020માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં આવી. આ બંને શિક્ષણ નીતિમાં જે તે સમયના શિક્ષણની જરૂરિયાતને સંપૂર્ણ રીતે ધ્યાનમાં લીધી છે. છતાં NEP-2020 ભારતીય શિક્ષણ પ્રણાલીમાં સકારાત્મક પરિવર્તન લઈને આવી છે. જેમાં સૌથી વધુ ધ્યાન ખેંચનાર અને ક્રાંતિકારી મુદ્દો પ્રાથમિક સ્તરે માતૃભાષા કે સ્થાનિક ભાષામાં જ શિક્ષણ આપવાનો છે. આ નીતિની ભલામણ મુજબ, ઓછામાં ઓછા ધોરણ 5 સુધી અને શક્ય હોય તો ધો.8 સુધી શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ. આ નિર્ણય વૈજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક પાસાઓ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. છતાં આજે માતૃભાષાની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. અંગ્રેજી માધ્યમની શાળામાં વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળે છે તે જોતાં અંગ્રેજી માધ્યમ સમાજની તાતી જરૂરિયાત બની ગઈ છે. આ બાબત માતૃભાષા દ્વારા શિક્ષણની નીતિ માટે ચિંતાનો વિષય છે. સમાજમાં એક વર્ગ એવો છે કે જે માતૃભાષાનો માત્ર પ્રત્યાયન માટે જ ઉપયોગ કરે છે. તેઓના બાળકોના અભ્યાસનું માધ્યમ અલગ જ હોય છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ગુજરાતી માધ્યમની શાળાઓમાં વર્ગો ઘટી રહી છે. વિદ્યાર્થીઓ મળતા નથી જ્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓના વર્ગો વધી રહ્યો છે. જેના કારણે ગુજરાતી માધ્યમની શાળાના વર્ગો બંધ કરવા પડે તેવી હાલત છે.

સુરત - અમૃત વળવી